# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

‘‘પંડિત દીનદયાળ ભવન’’, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૮/૦૪/૨૦૧૮

તંત્રીશ્રી,

..............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.

**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **‘‘સ્વચ્છ ભારત અભિયાન’’ અંતર્ગત સુરત શહેરના દરેક વોર્ડમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ‘‘સફાઈ અભિયાન’’ કાર્યક્રમ યોજાયો.**
- **દરેક વોર્ડમાં પાંચ જગ્યાઓ પર કાર્યકર્તાઓએ ‘‘સફાઈ અભિયાન’’માં જોડાઈને ‘‘સ્વચ્છ સુરત, સુંદર સુરત’’નો સંદેશો આપ્યો.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા તા. ૧૮/૦૪/૨૦૧૮, બુધવારના રોજ સવારે ૮:૩૦ કલાકથી ‘‘સ્વચ્છ ભારત અભિયાન’’ અંતર્ગત સુરત શહેરના દરેક વોર્ડમાં ‘‘સફાઈ અભિયાન’’નું આયોજન કરવામાં આવ્યું હતું.

‘‘સફાઈ અભિયાન’’માં દરેક વોર્ડમાં પાંચ જગ્યાઓ પર કાર્યકર્તાઓએ સફાઈ કરીને ‘‘સ્વચ્છ સુરત, સુંદર સુરત’’નો સંદેશો આપ્યો હતો.

આ ‘‘સફાઈ અભિયાન’’ કાર્યક્રમમાં સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, સુરત શહેર મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ, શ્રી કિશોરભાઈ બિંદલ, ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, શહેર સંગઠનના હોદ્દેદારશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ સહિત યુવા મોરચાના અને મહિલા મોરચાના હજારો કાર્યકર્તાઓ જોડાયા હતા.



